અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ માં.

સમરી કેસ નં. ૨૦૮/૨૦૧૮.

આંક– ૧ લગત હુકમ.

આ કામે ટોરેન્ટ પાવરના મેનેજરશ્રીએ રેડ દરમ્યાન આક્ષેપિત આરોપીએ વિજચોરી કરેલાનું માલુમ પડતા ફરીયાદ દાખલ કરેલ, જે ફરીયાદ દાખલ થયા બાદ આક્ષેપિત આરોપીએ વિજચોરીના પુરવણી બીલની રકમ વિજ કંપનીમા જમા કરાવતા ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૫૨ મુજબ ફરીયાદીએ ગુનો કમ્પાઉન્ડ કરવા રજુઆત કરતા પોલીસે ચાર્જશીટ ફાઈલ નહી કરી હાલની સમરી રજુ કરી હાલનો કેસ માંડવાળ કરવા વિનંતી કરેલ છે. જેથી અત્રેની કોર્ટે ફરીયાદીને સાભળવા જરુરી જણાતા ફરીયાદીને નોટિસ ઈશ્યૂ કરેલ, જે બજી જતા ફરીયાદી તરફે હાજર થઈ ગુનો દરગુજર કરવા સારુ પુરસીસ આપેલ છે, જે પુરસીસ, ઉપલબ્ધ રેકર્ડ તથા ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ વંચાણે લેતા આક્ષેપિત ગુનો કમ્પાઉન્ડ થઈ શકે તેમ હોઈ અને પોલીસે યોગ્ય રીતે જ સમરી ફાઈલ કરેલ હોઈ, હાલની સમરી મંજુર કરી ફૈંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા. ૮ મી માહે ડીસેમ્બર સને ૨૦૧૮ ના રોજ લોક અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

*સ્થળ: અમદાવાદ.*
*તા. ૮/૧૨/૨૦૧૮*

*(એસ. એમ. ગોવાણી),*
*એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં. ૨૨, અમદાવાદ.*
GJ00918